આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારખ:-21-11-2024 સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

## ભારત-ગયાના વચ્ચે સમજૂતી કરાર હસ્તાક્ષર

ભારત અને ગયાનાએ આરોગ્ય, હાઇડ્રોકાર્બન, કૃષિ અને સંલગ્ન બાબતો સહિત અનેક ક્ષેત્રોમાં સહકાર વધારવા માટે દસ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. તબીબી ઉત્પાદનો, જન ઔષધિ યોજના, સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમ, ગયાનામાં UPI સિસ્ટમના અમલીકરણ અને પ્રસાર ભારતી અને ગયાનાના નેશનલ કોમ્યુનિકેશન નેટવર્ક વચ્ચે પ્રસારણ ક્ષેત્રે સહકાર માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત નેશનલ ડિફેન્સ ઇન્સ્ટિટ્યૂટ, ગયાના અને નેશનલ ડિફેન્સ યુનિવર્સિટી, ગુજરાત વચ્ચે પણ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

RNU અમદાવાદ

---

RNU BHUJ

## મુ.મંત્રી 11મી ચિંતન શિબિર

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સરકારની 11મી ચિંતન શિબીર આજથી 3 દિવસ માટે પ્રસિદ્ધ તીર્થ ક્ષેત્ર સોમનાથ ખાતે યોજાશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વહિવટી અને પ્રશાસનિક કાર્ય સંસ્કૃતિને નવી દિશા આપવા ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન વર્ષ-૨૦૦૩થી ચિંતન શિબીરની શૃખલા શરૂ કરાવી છે.

શિબીરમાં જે વિષયો જુથ ચર્ચા અને ચિંતન-મંથન માટે પસંદ કરવામાં આવ્યા છે તેમાં રાજ્યમાં રોજગારીની તકો, ગ્રામ્ય સ્તરે આવક વૃદ્ધિ, સરકારી યોજનાઓમાં સેચ્યુરેશન એપ્રોચ, પ્રવાસન વિકાસમાં જિલ્લાઓ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનું યોગદાન સહિતના મહત્વપૂર્ણ વિષયોનો સમાવેશ થાય છે.

**DD NEWS/ આરતી ભટ્ટ**

---

## જંત્રી ભાવનો દરો

રાજ્ય સરકારે, રાજ્યમાં જમીન-મિલકતોનાં ભાવ નક્કી કરતી નવી જંત્રીનાં દરો જાહેર કરવાની દિશામાં કામગીરી શરૂ કરી  છે. આ માટે હાલમાં સરકારે નવી જંત્રીનો મુસદ્દો તૈયાર કર્યો છે. આ મુસદ્દારૂપ જંત્રી અને માર્ગદર્શિકા જાહેર જનતાના નિરિક્ષણ માટે https://garvi.gujarat.gov.in વેબસાઈટ તથા સંબંધિત નાયબ કલેક્ટર (સ્ટેમ્પ ડ્યુટી)ની કચેરી ખાતે ઉપલબ્ધ રહેશે.  આ પોર્ટલ પર ૩૦ દિવસમાં એટલે કે તારીખ  20મી ડિસેમ્બર સુધી ઓનલાઈન વાંધા-સુચન રજૂ કરી શકાશે.

ત્યારબાદ કલેક્ટરો દ્વારા ચકાસણી અને યોગ્ય કક્ષાએથી અભિપ્રાયો લેવાયા બાદ નવા જંત્રીનાં દર જાહેર કરવામાં આવશે.

**RNU અમદાવાદ**

---

## યુનિક ફાર્મર આઈડી

ભારત અને ગુજરાત સરકારના સંયુક્ત પ્રયાસથી રાજ્યમાં ખેડૂતો માટે ખેડૂત નોંધણી શરૂ કરાઈ છે, જેમાં ખેડૂતો માટે 11 અંકની યુનિક ફાર્મર આઈડી બનાવવામાં આવશે. ફાર્મર રજીસ્ટરીથી ખેડૂતોને ખેડૂત આઈડી થકી યુનિક ઓળખાણ મળશે. તેમજ ખેડૂતોને ભવિષ્યમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો તેમજ ધિરાણ સબંધી તમામ સરકારી લાભો સરળ રીતે મળી શકશે. ખેડૂતો ગ્રામ પંચાયત ખાતે ઈ-ધરા કેન્દ્ર વીસીઈ મારફત નોંધાણી કરાવી શકશે.

**RNU અમદાવાદ**

---

## ધોળાવીરા- પ્રાકૃતિક શિક્ષણ શિબિર

રેન્જ ફોરેસ્ટ ઓફિસરની કચેરી, રાપર ઉત્તર રેન્જ  દ્વારા ધોળાવીરા ખાતે આગામી 25થી 29 નવેમ્બર એમ પાંચ દિવસ પ્રાકૃતિક શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભાગ લેવા માટે શાળા/કોલેજને તેમજ ધોરણ ૮થી કોલેજ સુધી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વહેલા તે પહેલાના ધોરણે લાભ આપવામાં આવશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે સ્કૂલ/સંસ્થાઓને રેન્જ ફોરેસ્ટ ઓફિસરની કચેરી, રાપર (ઉત્તર) રેન્જ, પાણી પુરવઠા ઓફિસની બાજુમાં રાપર – કચ્છના સરનામે અરજી કરવા રેન્જ ફોરેસ્ટ ઓફિસર, ઉત્તર રેન્જ દ્વારા જણાવાયું છે.

**મા.ખા.**

---

## જિલ્લામાં ઠંડી

રાજ્યમાં શિયાળાની જમાવટ શરૂ થઇ ગઇ છે. 13 ડિગ્રી સાથે કચ્છનું નલિયા રાજ્યનું સૌથી ઠંડુ શહેર બન્યું છે. ત્યારે હજી પણ તાપમાનનો પારો નીચે જવાની હવામાન વિભાગે આગાહી કરી છે.

નવેમ્બર માસ પૂરો થવામાં હવે માત્ર દોઢ સપ્તાહનો સમય બાકી રહ્યો છે, ત્યારે સવાર સાંજ વતવારણમાં શીતળતા છવાઈ રહી છે.

ભુજમાં આજે વહેલી સવારે ઠંડીના પગલે ટહેલવા અને કામથી નીકળેલા લોકો ગરમ વસ્ત્રોમાં સજ્જ જોવા મળ્યા હતા. જ્યારે ખુલ્લામાં રાતવાસો કરતા લોકો ઠંડીથી બચવા તાપણાનો આશરો લેતા નજરે ચડ્યા હતા.

**N.P/ આરતી ભટ્ટ**

-----------------------------------------------------------------------

## ખેતી નિયામક કચેરી

રાજ્યની ખેતી નિયામક કચેરી દ્વારા ખેડૂતોને તેમના પાકનું રક્ષણ મળે અને બજારમાં સારા ભાવ મેળવી શકે તેવા ઉદેશથી જીરૂ, વરીયાળી, ધાણા, મેથી, અજમો અને સુવાના પાકમાં વાવણી પહેલાં અને વાવણી સમયે રોગ અને જીવાતોના સંકલિત વ્યવસ્થાપન માટે માર્ગદર્શિકા આપી છે.

માર્ગદર્શિકા મુજબ જીરાના પાકમાં કાળીયો અથવા કાળી ચરમી રોગના નિયંત્રણ માટે એક જ ખેતરમાં સતત જીરૂની વાવણી ન કરતાં પાક ફેરબદલી કરવા જણાવાયું છે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------